GJGS040025372025

| | | | |
|---|---|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૪ | ૦૭ | ૨૦૨૫ |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ | ૦૪ | ૦૭ | ૨૦૨૫ |
| ફેંસલ કર્યા તારીખ | ૨૯ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**ઉનાના મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુકામ–ઉના.**

**ફોજદારી કેસ નં. ૧૯૨૨/૨૦૨૫**
**આંક–**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | **શ્રી સરકાર** |
| | **–।। વિરૂદ્ધ ।।–** |
| **આરોપીઓઃ–** | **૧. ઉદયભાઇ દિનેશભાઇ ગોહીલ**<br>**૨. દિનેશભાઇ દાદુભાઇ ગોહીલ**<br>**૩. હીરાબેન વા.ઓ. દિનેશભાઇ દાદુભાઇ ગોહીલ**<br>રહે. તમામ સીમર ગામ,<br>તા. ઉના, જી. ગીર સોમનાથ. |

| | |
|---|---|
| **ગુનોઃ** | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૧૮ (૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ. |
| **ફરિયાદ પક્ષ તરફેઃ–** | વિ.એ.પી.પી.શ્રી કે.ડી. વસાવા |
| **આરોપી પક્ષ તરફેઃ–** | વિ.વ. શ્રી એચ.બી. જમાણી |

**.।। ઠ રા વ ।।.**

૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા. ૧૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩–૩૦ વાગ્યે સીમર ગામ બસ સ્ટેશનની બાજુમાં ઓટલા ઉપર ફરિયાદીને દારૂ

પીવા બાબતે જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી તથા શરીરે ઢીકાપાટુંનો મુંઢ માર મારી તથા આરોપી નં. ૧ નાએ ફરિયાદીને માથાના ભાગે હાથમાં પહેરવાનું કડું મારી લોહી કાઢી નાંખી ત્રણ ટાંકા જેવી ઈજા કરી તથા મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં હથિયાર ધારણ કરી સદર જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકતો આધારિત આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૧૮ (૧), ૩૫૧(૨) (૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે પુરતી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા તેનો ફોજદારી કેસ નંબરથી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

૨) સદર કામનો સમન્સ આરોપીઓને ધોરણસર બજેલ છે અને આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ની જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આંક–૯ થી તહોમતનામું ફરમાવી આંક–૧૦ થી ૧૨ સુધીની આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ. ત્યારબાદ આંક – ૨૪ થી પક્ષકારો તરફે સમાધાન પુરસીસ રજુ રાખવામાં આવતા સમાધાનપાત્ર ગુના અન્વયે સમાધાન મંજુર રાખી બિનસમાધાન પાત્ર ગુના અન્વયેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

૩) સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસની હકીકતના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
| --- | --- | --- |
| | | |

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી–રાજાભાઇ મસરીભાઇ બાંભણીયાની જુબાની | ૧૫ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૬ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૩ | અટક પંચનામું | ૧૮,૧૯ |
| ૪ | સીમર સરકારી હોસ્પિટલનું ફરિયાદીનું સારવાર સર્ટફિકેટ | ૨૦ |
| ૫ | જુનાગઢ સરકારી હોસ્પિટલનું ફરિયાદીનું સારવાર સર્ટફિકેટ | ૨૧ |
| ૬ | હથિયારબંધીનું જાહેરનામું | ૨૨ |

૩.૧) ફરિયાદ પક્ષ તરફે વધુ કોઇ સાક્ષી પુરાવા રજુ કરવા માંગતા નથી તેવી આંક–૨૩ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરેલ છે અને પોતાનો પુરાવો બંધ કરેલ છે.

૪) ત્યારબાદ સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય કોઇ પુરાવો ન હોઇ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૫) સદર કામે ફરિયાદ પક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઇઓ વિગેરે ધ્યાને લઇ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરે છે કે, બનાવ તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ

ફરિયાદીને દારૂ પીવા બાબતે જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી તથા શરીરે ઢીકાપાટુંનો મુંઢ માર મારી તથા આરોપી નં. ૧ નાએ ફરિયાદીને માથાના ભાગે હાથમાં પહેરવાનું કડું મારી લોહી કાઢી નાંખી ત્રણ ટાંકા જેવી ઈજા કરી તથા મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં હથિયાર ધારણ કરી સદર જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૧૮ (૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ ગુનો કરેલ છે?

**૨**. શું હુકમ?

૬) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

**મુદ્દાનં. ૧** – <u>નકારમાં.</u>

**મુદ્દાનં. ૨** – <u>આખરી હુકમ મુજબ.</u>

<u>– ः કા ર ણો ः–</u>

૭) આ કામે **ફરિયાદ પક્ષ તરફે** **<u>આંક–૧૫ થી ફરિયાદી રાજાભાઈ મસરીભાઈ બાંભણીયાને તપાસેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,</u>** "આરોપીઓને ઓળખું છું, જેઓ આજ રોજ નામદાર કોર્ટ માં હાજર છે તે તેજ છે. બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો ત્યારે હું તથા દીનેશભાઈ બંને અમારા ગામના બસ સ્ટેશને ઓટલા ઉપર બેસેલા હતા ત્યાં દિનેશભાઈ સુઈ ગયેલા ત્યારે ઉદયભાઈ અને તેમના પત્ની બંને જણા આવી મને કહેલ કે તમે મારા પિતાને દારૂ પીવડાવીને સુવડાવી દીધેલા છે તેમ કહેલ જેથી મેં તેઓને કહેલ કે હું દારૂ પીતો નથી તે તેની જાતે દારૂ પી ને સુઇ ગયેલ છે જે બાબતે આરોપીઓ સાથે

સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજું કાંઇ થયેલ નહીં. ધક્કા મુક્કીમાં પડી જવાથી બસ સ્ટેશનની દિવાલ મને વાગી જવાથી ઈજા થયેલી જેની સારવાર મેં ઉના મહેતા હોસ્પિટલે કરાવેલી. પોલીસ આવતા બનાવની ફરિયાદ મેં લખાવેલી, જે ફરિયાદ મને બતાવતા તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છું, જે ફરિયાદ આંક – ૧૬ થી રજુ છે. **બનાવ સમયે આરોપીઓએ મને ભુંડી ગાળો આપી, ઢીકાપાટુંથી કે કોઇ હથિયાર વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી."**

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ સાહેદને **<u>ફરી ગયેલા સાહેદ</u>** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ **<u>બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે,</u> "એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે આરોપીઓએ મને કોઈ માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની કોઈ ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીના હાથમાં કોઈ હથિયાર હતું નહીં. એ વાત ખરી છે કે મને પડી જવાથી ઈજા થયેલી જેની મેં સારવાર લીધેલી."**

૮) આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો આ કામે બનાવનો ભોગ બનનાર ફરિયાદીની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમની જુબાનીમાં પોલીસ રૂબરૂની ફરિયાદ મુજબ આરોપીઓએ તેઓને ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ જ હકીકત અદાલત રૂબરૂની જુબાનીમાં જણાવેલ નથી પરંતુ આરોપીઓ સાથે દારૂ પીવા બાબતે સામાન્ય બોલાચાલી થતા ધક્કામુક્કીમાં બસ સ્ટેશનની દિવાલ સાથે અથડાતા તેઓને ઈજા થયેલ અને જે ઈજા અંગે તેઓએ સારવાર લીધેલાની હકીકત જણાવેલ

છે. આમ, જ્યારે ફરિયાદી કે જેઓ બનાવનો ભોગ બનનાર હોય તેઓ ખુદ જ ફરિયાદ મુજબના બનાવની હકીકતોને સમર્થન કરતાં ન હોય ત્યારે સદર ફરિયાદીનો પુરાવોએ આરોપીને તકસીરવાન ઠરાવવામાં મદદરૂપ બનતો નથી. આમ, સદર ફરિયાદીની જુબાનીથી ફરિયાદીની ફરિયાદ કે બનાવની હકીકતોને સંપુર્ણપણે સમર્થન મળતુ નથી. જેથી આ ફરિયાદીનો પુરાવો એ આ કામના આરોપીને બનાવ સાથે સાંકળવામાં મદદરૂપ બનતો નથી. વધુમાં ફરિયાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો આપવા માંગતા નહિ હોવાનું જાહેર કરેલ હોઈ આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

૯) વધુમાં આ કામે આંક – ૧૭ થી બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આંક – ૧૮ તથા ૧૯ થી આરોપીનું અટક પંચનામું રજુ થયેલ છે પરંતુ ઉપર જોયું તે મુજબ જ્યારે ફરિયાદી કે જેઓ ભોગ બનનાર છે તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ ન હોય તે સંજોગોમાં ફરિયાદની હકીકતો પુરવાર થતી ન હોય ત્યારે માત્ર સદર પંચનામાઓ ઉપર આધાર રાખી શકાય નહીં. આંક – ૨૦ તથા ૨૧ થી ઈજા પામનાર ફરિયાદીના સારવાર સર્ટિફિકેટ રજુ થયેલ છે જે વંચાણે લેતા ફરિયાદીને ઈજા થતાં તેઓએ સારવાર લીધેલ હોવાની હકીકત જણાય આવે છે પરંતુ સદર ઈજાઓ આરોપીઓના માર મારવાને લીધે થયેલ હોય તેવી હકીકતને ખુદ ઈજા પામનાર ફરિયાદીની જુબાનીથી સમર્થન મળતું નથી જેથી સદર સારવાર સર્ટિફિકેટથી માત્ર મર્યાદિત હકીકતો જ પુરવાર થાય છે. વધુમાં રજુ ફરિયાદને અન્ય કોઈ દાર્શનીક પુરાવાથી સમર્થન મળતું નથી. આમ સમગ્ર હકીકતે બનાવની હકીકતોને એકબીજા સાથે સાંકળી લેતો પણ કોઈ માનવાલાયક પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. જેથી ઉપરોક્ત હકીકત જોઈએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીને તકસીરવાન ઠરાવાય નહિ.

૧૦) વધુમાં સદર કામે ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનો રજુ ચુકાદો જોઈએ તો, "**સતીષ મેહરા વી.**

**દિલ્હી એડ્મીનીસ્ટ્રેસન અને બીજાઓ .. ૧૯૯૬ (૯) એસ. સી. સી. ૭૬૬** – કેસ માં નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેંચ દ્વારા ઠરાવેલ છે કે – જયારે જજને ચોક્કસ પણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ. ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પૂરી કરવા માટે વેડફવો નહિ." આથી, સદર કામે વધુ સાહેદો તપાસેલા નથી અને નામદાર કોર્ટનો સમય માત્ર પ્રીસોઝર પૂરી કરવા માટે સમય વેડફાય નહિ તે હેતુથી અન્ય સાહેદોને ડ્રોપ કરવામાં આવેલ છે.

૧૧) આમ, ઉપરોક્ત રેકર્ડ પરનો પુરાવો જોતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ખરેખર આ કામના આરોપીઓએ બનાવના દિવસે ફરિયાદીને ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે એકબીજાને મદદગારી કરેલ હોવાની હકીકત ફરિયાદીની જુબાનીથી સ્પષ્ટ થતી ન હોય જેથી ફરિયાદ પક્ષે આરોપીઓ સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચા, રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઇઓ વિગેરે ધ્યાને લઇ ઉપરોક્ત **મુદ્દા નં. ૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદ્દા નં. ૨** અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

## –આખરી હુકમ–

૧. આ કામે **આરોપીઓ – નં. ૧ ઉદયભાઇ દિનેશભાઇ ગોહીલ** તથા **નં. ૨ દિનેશભાઇ દાદુભાઇ ગોહીલ** તથા **નં. ૩ હીરાબેન વા.ઓ. દિનેશભાઇ દાદુભાઇ ગોહીલ,** રહે. તમામ સીમર ગામ, તા. ઉના, જી. ગીર સોમનાથ વાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–

૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૧૮ (૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

**3.** આરોપીઓએ આ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ અનુસાર છ માસની અવધિ સુધી અપીલ સમય પુરો થતા સુધી ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૯ મી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૯/૦૫/૨૦૨૬
સ્થળઃ ઉના.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
એડી. ચીફ જ્યુડી. મેજી.,
ઉના.
કોડ નંબર–GJ–01100